# વિક્રમી મતદાનનો સિલસિલો યથાવત

## ચાર રાજ્યોની સાત બેઠક પર વિક્રમી મતદાન થયું : ત્રિપુરામાં ૮૧.૮ ટકા મતદાન : ગોવા અને આસામમાં ૭૫ ટકાથી વધારે મતદાન : તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા



નવી દિલ્હી,તા.૧૨

લોકસભાની ચૂંટણી ચોથા તબક્કા માટે આજે રેકોર્ડ ઉંચુ મતદાન થયું હતું. આજે આસામમાં ત્રણ, ગોવામાં બે, સિક્કિમમાં એક, ત્રિપુરામાં એક એમ કુલ સાત બેઠકો માટે મતદાન થયું હતું. તમામ જગ્યાઓએ શાંતિપૂર્ણ રીતે અપેક્ષા કરતા ઉંચુ મતદાન રહ્યું હતું. લાખો મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે બહાર નિકળ્યા હતા. ચારેય રાજ્યોમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયા બાદ તંત્રને રાહત થઈ હતી. ચૂંટણી પંચમાં ડિરેક્ટર ધીરેન્દ્ર ઓઝાએ કહ્યું હતું કે, ત્રિપુરામાં લોકસભાની બેઠક માટે રેકોર્ડ ૮૧.૮ ટકા મતદાન થયું છે જ્યારે સિક્કિમમાં ૭૬ ટકા મતદાન થયું છે. ગોવાની બંને બેઠક અને આસામની ત્રણ બેઠકો ઉપર ૭૫ ટકાથી વધુ મતદાન થયું હતું. પ્રથમ ત્રણ તબક્કામાં રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ આજે લોકસભાની ચૂંટણી માટ ચોથા તબક્કામાં શાંતિપૂર્ણરીતે મતદાન શરૂ થયું હતુ.

● અનુસંધાન પાન-૭ પર

ઈલેક્શન કાઉન્ટ-ડાઉન

VOTE 17

દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૨ | ૧૩ એપ્રિલ, ૨૦૧૪, રવિવાર; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર માટે ૧૮ ઉમેદવારો જંગમાં

## બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી 3 રાષ્ટ્રીય પક્ષના, પાંચ રજીસ્ટર્ડ પાર્ટીના અને ૧૦ અપક્ષ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૨

લોકસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે ગાંધીનગર બેઠક માટે બે ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચતા હવે આ જંગમાં ૧૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. જેમ જેમ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અવધિ પુરી થવામાં હતી ત્યારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ભારે રાજકીય ઉત્તેજનાઓ વ્યાપેલી જોવા મળતી હતી. બપોરે બે વાગ્યા સુધી એક પણ ઉમેદવારી પત્ર પાછુ ખેંચવામાં આવ્યું ન હતું.

જો કે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલતી હતી કે પાંચ થી છ ઉમેદવારો તેમની ઉમેદવારી પાછી ખેંચે તેવી શક્યતાઓ છે. આ શક્યતાઓએ રાજકીય ઉત્તેજના વધી જવા પામી હતી.

બરાબર ૨.૨૦ મિનિટે અપક્ષ ઉમેદવાર શ્રી પૂનમજી બી. ઠાકોરે તેમના સમર્થકો સાથે આવી અને ઉમેદવારી પાછી ખેંચી હતી. આ પછી ૧૦ મિનિટ બાદ કેશવભાઈ કાછડિયા જે પણ અપક્ષ ઉમેદવાર હતા તેમણે કલેક્ટર સમક્ષ જઈ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.

બરાબર ૨.૫૮ મિનિટે અધિક નિવાસી કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયાએ બહાર આવી જાહેરાત કરી હતી કે જો કોઈને ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાનું હોય તો અંદર આવી શકે છે. આ વખતે ઉમેદવારો અને સમર્થકો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે એકત્ર થયેલા હતા. તેમણે બે મિનિટ બાકી હોવાની જાહેરાત કરી હતી.

પરંતુ એક પણ ઉમેદવારે તેની ઉમેદવારી પાછી ખેંચી ન હતી. જો કે ઉમેદવારોને મનાવવા માટેના પ્રયાસો પણ રાજકીય આગેવાનો દ્વારા કરાયા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના ૪ ઉમેદવારો જંગમાં

### બે રજીસ્ટર્ડ પાર્ટીના ઉમેદવાર તો બે અપક્ષ ઉમેદવાર

ગાંધીનગર, તા. ૧૨


૬-ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ગાંધીનગર શહેરના ૪ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ હોવાથી આ વખતનો જંગ વધુ રોચક બનશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

ગાંધીનગર શહેર એટલે આમ તો કર્મચારી નગર તરીકેની ઓળખ ધરાવે છે. આ વખતે લોકસભાના ચૂંટણી જંગમાં શહેરના ચાર ઉમેદવારો મેદાનમાં છે. જેમાં બે ઉમેદવારો ચૂંટણી પક્ષ દ્વારા રજીસ્ટર્ડ થયેલ પક્ષોના ઉમેદવાર છે તો બે અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં છે.

ચૂંટણી પંચમાં નોંધાયેલ પક્ષ નેશનલ યુથ પાર્ટી તરફથી સે. ૧૪ના પિયુષ પટેલે ઉમેદવારી નોંધાવી છે. તો સે. ૫-એમાં રહેતા શ્રી મનોજ નાયકે લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટી તરફથી ઉમેદવારી નોંધાવી છે.

સે. ૨૬માં રહેતા દેસાઈ ખોડાભાઈ લાલભાઈએ અપક્ષ તરીકે તેમજ સે. ૨૦માં રહેતા શ્રી રાજ પ્રજાપતિએ પણ અપક્ષ ઉમેદવાર તરીકે તેમની ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર શહેરના ૧.૫૦ લાખ જેટલા નોંધાયેલા મતદારો છે. એક સાથે શહેરમાંથી ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જે નોંધનીય ઘટના છે.



પ્રાણી માત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમ સૌને પૂર્ણ અહિંસા આચરનારા નમન તપસ્વી મહાવીરને

## NEWS બિટ્સ

● **છપરામાં રાબડીદેવીએ ઉમેદવારી નોંધાવી**

બિહારના છપરા સંસદીય



મતવિસ્તારમાં રાષ્ટ્રીય જનતા દળના ઉમેદવાર અને પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીએ ઉમેદવારીપત્રક ભર્યુ હતુ. આ પ્રસંગે આરજેડીના સુપ્રિમો લાલુપ્રસાદ યાદવ તથા પક્ષના વરિષ્ઠ આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. રાબડી દેવીએ વિજયનો વિશ્વાસ વ્યક્ત કરી એક રેલીને સંબોધન કર્યું હતું.

● **આઝમખાન સામે કેસ દાખલ કરાયો**

કારગીલ યુદ્ધમાં મુસ્લિમ



સૈનિકોના દેખાવ અંગે કરેલા વિવાદાસ્પદ નિવેદન અંગે આઝમખાને ચૂંટણી પંચે નોટીસ આપી રોડ શૉ અને સભાઓ પર પ્રતિબંધ મુક્યો છે. જ્યારે એ જ સભામાં કરાયેલ વિવાદાસ્પદ નિવેદન અંગે મસુરી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે.

● **મુલાયમના હેલીકોપ્ટરની આડે આખલો આવ્યો**


ઉત્તરપ્રદેશના લખનીપુર



ખાતે ચૂંટણીરેલીને સંબોધવા આવી રહેલા સમાજવાદી પક્ષના મુલાયમસિંહ યાદવનું હેલીકોપ્ટર જ્યારે ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે એક આખલાએ ભારે દોડાદોડ કરતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. સુરક્ષાકર્મીઓએ દસ મિનિટની ભારે જહેમત બાદ આખલાને નિયમંત્રિત કર્યો હતો. તે પછી નેતાજી હેલીકોપ્ટરની બહાર નીકળ્યા હતા. જો કે મંચ પર પહોંચતા એક વાંદરાએ પણ ભારે કુદાકુદ કરતા કુતૂહલ ફેલાયું હતુ.

● **રતન ટાટા નાઈટ ગ્રાન્ડ ક્રોસથી સન્માનિત**

ટાટા સમુહના ભૂતપૂર્વ



ચેરમેન રતન ટાટાને બ્રિટનની રાણી એલિઝાબેથ દ્વારા નાઈટ ગ્રાન્ડ ક્રોસથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટાટા સમુહ બ્રિટનન્માં સૌથી મોટુ નોકરીદાતા સમુહ છે. નાઈટ ગ્રાન્ડ ક્રોસ યુ.કે.નો સૌથી મોટો નાગરિક પુરસ્કાર છે.



આકરી ગરમીમાં ઠંડક - ચૈત્ર મહિનાની ધોમધખતી ગરમીમાં પક્ષીઓ ઠંડક મેળવવા આવા નાનકડા ખાબોચિયામાં આશરો લે છે... પાનખરની ઋતુ હોવાથી પાન-પૂષ્પ વિનાનું ઝાડ પક્ષીઓને રક્ષણ આપી શકતું નથી એટલે અત્યારે તો પાણીના નાના-નાના ખાબોચિયા એકમાત્ર ઠંડક મેળવવાનું સ્થાન છે... એમ કહેવાય કે, પક્ષીઓનો સ્વીમીંગ પુલ છે... સ્વીમીંગ પુલમાં કબૂતરોની મસ્તી પણ અનોખી છે.... (તસવીર : દિપક જાની)

# અડવાણી આજે ગાંધીનગરમાં

## સેક્ટર-૧૧માં ચૂંટણી કાર્યાલય ખુલ્લુ મુક્યા બાદ કાર્યકરોને સંબોધશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટેના ભાજપના ઉમેદવાર અને રાષ્ટ્રીય નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણી આજે એક દિવસ માટે ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.

છઠ્ઠીવાર ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહેલા શ્રી અડવાણી ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિસ્તારમાં તેમનું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મુકનાર છે તેમજ કાર્યકરોને વિજયમંત્ર આપશે.

શ્રી અડવાણી ગાંધીનગર ઉમેદવારી નોંધાવી પછી દિલ્હી, મધ્યપ્રદેશના ચૂંટણી પ્રવાસે હતા. હવે તેઓ આજે ગાંધીનગર ખાતે તેમના પ્રચારનો વિધિવત્ આરંભ કરશે. આ અગાઉ તેમની દિકરી પ્રતિભા અડવાણી અને પુત્ર જયંત અડવાણીએ પ્રચાર કાર્યની ધુરા સંભાળી લીધી છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભાના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન તા. ૧૩-૪-૨૦૧૪, રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે હવેલી આર્કેડ,રાધે સ્વીટની બાજુમાં, સેક્ટર-૧૧ ખાતે રાખવામાં આવેલ છે. મહાનગર ભાજપના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર લોકસભાના સાંસદ તથા પુર્વ નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીજીના વરદ્ હસ્તે કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવશે તથા આ પ્રસંગે શ્રી અડવાણીજી ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધન કરશે.

# ગાંધીનગરમાં બે બેલેટ યુનિટથી મતદાન

## મતદાન કુટિર સામાન્ય કુટિર કરતાં મોટી બનાવવી પડશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં હવે બે બેલેટ યુનિટ સાથે મતદાન યોજાશે. ૨૦૦૯ની તુલનામાં એક ઉમેદવાર ઓછો જરૂર છે પરંતુ બે બેલેટ યુનિટની જરૂરિયાત રહેશે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે બે અપક્ષ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચતા ૧૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે જયારે ૧૯મો ક્રમ 'નાટો'નો રહેશે.

બે બેલેટની જરુરિયાત ઉભી થતાં જ તંત્રએ આ માટે હવે કેટલા યુનિટની જરૂરિયાત પડશે તેના આધારે અન્યથી મંગાવવાના રહેશે. આ માટેનું એસેસમેન્ટ પણ થઈ ચુકયું છે અને ચુંટણી પંચને તેનો અહેવાલ મોકલી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી એકાદ બે દિવસમાં જ જરૂરિયાતવાળા બેલેટ યુનિટ ઉપલબ્ધ બની જશે. આ પછી તેનું એફ.એસ.એલ. રાજકીય પક્ષો અને નિરીક્ષકોની હાજરીમાં કરી રેન્ડમાઈઝેશન દ્વારા ફાળવી દેવામાં આવશે.

આ વખતે ગાંધીનગરમાં વી.વી. પેટનો પણ ઉપયોગ કરવાનો હોવાથી પ્રિસાઈડીંગ ઓફિસરની કીટનું વજન ૩૦ કિલોથી પણ વધુ થશે. વી.વી. પેટનું વજન જ ૮ કિલો જેટલું થવા જાય છે.

આ વખતે વી.વી. પેટ તેમજ બે બેલેટ યુનિટથી મતદાન થવાનું હોઈ કર્મચારીઓની તાલિમનો વધુ એક રાઉન્ડ તંત્રના અધિકારીઓ દ્વારા યોજવામાં આવશે.

બે બેલેટ યુનિટ અને વી.વી. પેટને લઈ મતદાન કુટિરની સાઈઝ સામાન્ય કરતાં પણ વધી જશે. જેને પગલે નંગની ચિંતા અને કામગીરીમાં ભારેખમ વધારો થવા પામ્યો છે.

તંત્ર દ્વારા હાલ ચૂંટણી અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તંત્રની તૈયારીઓ લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. આ વખતે તંત્ર દ્વારા બે બેલેટ યુનિટથી મતદાન યોજવાનું હોવાથી તેમજ વી.વી. પેટના ઉપયોગને પગલે જનજાગૃતિ અંગેના કાર્યક્રમો પણ સઘન બનાવવા પડશે.

# જામનગર, ગાંધીનગર, ભાવનગર, નવસારી, સુરેન્દ્રનગરમાં બે બેલેટ યુનિટથી મતદાન

## જામનગરમાં ૨૫ ઉમેદવારો, સોમનાથ વિધાનસભાની પેટા-ચૂંટણીમાં પણ ૨૫ ઉમેદવારો મેદાનમાં : રાજ્યમાં લોકસભા માટે ૩૩૪ ઉમેદવારો વચ્ચે જંગ જામશે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં ૨૬ લોકસભા બેઠક માટે ૩૩૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. પાંચ લોકસભા મતવિસ્તારો માટે બે બેલેટ યુનિટથી મતદાન યોજાશે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે રાજ્યનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે. જેમાં પાંચ લોકસભા મતવિસ્તારમાં બે બેલેટ યુનિટ સાથે મતદાન યોજવાનું થશે.

રાજ્યમાં સૌથી વધુ ઉમેદવારો સૌરાષ્ટ્રની જામનગર બેઠક પર નોંધાયા છે. જ્યાં ૨૫ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉપરાંત નવસારીમાં ૧૯, ગાંધીનગરમાં ૧૮, સુરેન્દ્રનગરમાં ૧૭ અને ભાવનગરમાં ૧૬ ઉમેદવારો મેદાનમાં છે.

એક બેલેટ યુનિટમાં ૧૬ ઉમેદવારો સમાવવામાં આવતા હોય છે. પરંતુ પ્રથમવાર નોટાનો ઉપીયોગ થઈ રહ્યો હોવાથી ભાવનગરમાં નોટા માટે ખાસ બેલેટ યુનિટ મુકવામાં આવશે. આ બેઠક માટે ૧૬ ઉમેદવારો મેદાનમાં છે.

આ લોકસભાની સામાન્ય ચૂંટણી સાથે રાજ્યમાં વિધાનસભાની ખાલી પડેલી સાત

● અનુસંધાન પાન-૭ પર

જાહેર આમંત્રણ- નગરમાં સૌ પ્રથમવાર

હનુમાન જયંતી તા. ૧૫-૪-૧૪ મંગળવારે

હનુમાન ચાલીસા તુલ્ય તુલસીકૃત

**હનુમાન સાઠિકા** ના પાઠ



૯૯૨૫૦૭૯૭૦૭

તથા વડવાનલસ્તોત્ર એવં સંકિર્તન

| સમય | વક્તા | સ્થળ |
| --- | --- | --- |
| તા. ૧૫-૪-૧૪ મંગળવાર રાત્રે ૮થી ૧૦-૩૦ | યુવા કથાકાર શ્રી નીલકંઠ શાસ્ત્રીજી પંચદેવ મંદિર | પંચદેવ મંદિર સે-૨૨, ગાંધીનગર |

● આ હનુમાન સાઠિકાના પાઠથી કષ્ટ નિવારણ, સુખ, સમૃદ્ધિ, શાન્તિની પ્રાપ્તિ થાય છે.

● શ્રીમદ્ ભાગવત, રામાયણ, કર્મકાંડ, સાઠિકા પાઠ માટે મળો. જલેશ્વર વ્યાસ - ૯૮૨૪૧ ૨૪૧૦૨, તુષાર દવે - ૮૫૧૧૮૮૮૭૧૨

LED, LCD & Colour TV રીપેરીંગ

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

R WORLD BIG Cinemas

NOW SHOWING





R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj

Bhoothnath Returs (U) - 10.15 am, 12.30, 3.30, 4.15, 6.30, 7.15, 9.30 & 10.15 pm | Main Tera Hero (U/A) - 12.45, 3.45, 6.45 & 9.45 pm

Captain America The Winter Soldier (Hindi) (U/A) - 1.15 pm

*schedule subject to change

telebooking 09377458281 | www.bigcinemas.com

facebook.com/BigCinemasIndia • feedback : support@bigcinemas.com